## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*સંહિતા - ખર્ચના નામે પંચ બને એપ્રિલફૂલ!*
*વચન-વાયદાથી મતદાર બને એપ્રિલફૂલ!*
*લાંચ-દારૂબંધીના કાયદા બને એપ્રિલફૂલ!*
*સત્તામાં કેદ લોકશાહી બને એપ્રિલફૂલ!*

**હાઈકુ**

*ગાજ-વીજને*
*વિકાસની વિજળી -*
*એપ્રિલફૂલ!*

*નદી-તળાવો*
*છલકી ગયા ડેમ!!*
*એપ્રિલફૂલ!*

### ચિંતન

**અપાધમય કિલ્વિશમપ કૃત્યામપો રપઃ ।**
**અપામાર્ગ ત્વમસ્મદય દુઃષ્વપ્ન્ય સુવ ॥**

**ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**જે મનુષ્ય પોતાના આચરણને શુધ્ધ બનાવે છે અને બીજાઓને શુદ્ધ બનાવે છે તેમનું આપણને સામીપ્ય મળે કે જેથી મનની મલિનતા અને દુષ્ટ પાપનો નાશ થાય.**

**જે વ્યક્તિ પોતે શાંત નથી તે બીજાઓને કેવી રીતે શાંતિ આપી શકે ? જે સ્વયં અજ્ઞાની છે તે બીજાઓને જ્ઞાનવાન કેવી રીતે બનાવી શકે ? બીજાઓને શાંતિ આપતા પહેલા આપણે સ્વયં શાંત બનવું પડશે. બીજાઓને જ્ઞાન આપતા પહેલા ખુદે જ્ઞાન પચાવવું પડે.**

**મનુષ્યે પોતાના આચરણમાં સદ્‌ગુણોનો સમાવેશ કરીને તેને શુદ્ધ પવિત્ર અને સુવાસિત બનાવવું જોઈએ. સ્વયં કુમાર્ગથી પાછા વળીને પ્રકાશિત અને ઉદાર બનવું જોઈએ. સ્વયં ઊંચા ઊઠો ત્યારે જ જીવનથી જીવન પ્રકાશવાન થાય છે.**

### સુવિચાર

- ‘અંત’ આવે તે બધા જ વિષય, જેનો ‘અંત’ ના આવે તે આત્મા - **દાદા ભગવાન**
- સંસાર હેતુ માટે મૌન લીધું હોય તો તે અમૌન છે,
આત્મા હેતુ માટે જે કંઈ બોલવામાં આવે છે તે જ સંપૂર્ણ મૌન છે - **આપ્તસૂત્ર**
- સામાન્ય રીતે માણસને પરિસ્થિતિ કરતાં વિચારોનો થાક વધારે લાગે છે - **શૈલેષ જાની**
- માણસ પોતાની જાતને જેટલો નડે છે, તેટલી તેને બહારની વસ્તુ કે વ્યક્તિ નડતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- લક્ષ્યમાં જયારે સ્વાર્થ અને અહમ્ ભળે છે ત્યારે ધ્યેય પ્રાપ્તિ અર્થહીન બની જાય છે - **સોક્રેટિસ**
- સ્નેહના તારે દિલ ગૂંથાય અને જુદા મટીને એકરૂપ થવાય એનું નામ જ ‘લગ્ન’ - **પુનિત મહારાજ**
- આજનું ઔષધ : ફુદીનાના પાન એક ચપટી અજમો સાથે ચાવીને ખાવાથી પેટનો દુખાવો અને વાયુ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

હેડ કલાર્ક પગાર રજીસ્ટર અધ્યક્ષ સામે મુક્યું અને કહ્યું, આ રેવેન્યુ સહી કરી આપવા વિનંતી જેથી હું આપનો પગાર ચૂકવી દઉં. પગાર - રજીસ્ટરમાં સહી કરતા પહેલા અધ્યક્ષે ચાર આંકડાની રકમ પોતાના નામ સામે લખેલી જોઈ અને કહ્યું, ‘ભાઈ પગારપત્રકમાં હું સહી નહીં કરું અને આ પગાર આપ પાછો લઈ જઈ શકો છો.’ હેડ કલાર્કે પૂછ્યું, ‘સાહેબ મારી કંઈ ફૂલ થઈ હોય તો સ્પષ્ટતા કરો.’ અધ્યક્ષશ્રીએ કહ્યું, ભાઈ,આપની કોઈ ભૂલ નથી. જયારે મારી નિણમૂંક થઈ ત્યારે મેં ટ્રસ્ટીઓને સ્પષ્ટતા કરી હતી કે હું ‘ટોકન’ તરીકે માસિક વેતન માત્ર એક રૂપિયાનો જ લઈશ, મારી આ શર્ત મંજૂર હોય તો જ હું આ પદનો સ્વીકાર કરીશ.’ હેડ કલાર્કે કહ્યં, ‘પણ સાહેબ! આપના જેવા પ્રખર અર્થશાસ્ત્રીને માસિક એક રૂપિયો પગાર આપતાં સંચાલકોને સંકોચ થાય છે, શરમ પણ આવે છે. અધ્યક્ષે જવાબ આપતા કહ્યું, ‘ના ભાઈ, હું, એમાં કોઈ બાંધછોડ કરવા તૈયાર નથી પગાર પત્રકમાં સુધારો કરી પગારની રકમ એક રૂપિયો લખી. લાવો એટલે હું તરત મારો પગાર સ્વીકારી લઈશ.’ યુનિવર્સિટીના સંચાલકોએ અધ્યક્ષને ઘણા સમજાવ્યા પણ અધ્યક્ષ અડગ રહ્યા. એમણે કહ્યું, ‘એમાં તમારે કોઈ સંકોચ રાખવાની જરૂર નથી. હું પગાર એક રૂપિયાનો જ લઈશ પણ કામ તો પૂરેપૂરી સોળ આની કરીશ.’ આ સેવાભાવી સજ્જન એટલે આપણા ભારતના ભૂતપૂર્વ નાણામંત્રી અર્થશાસ્ત્રી, ચિંતામણીરાવ દ્વારકાદાસ દેશમુખ.

# ગાંધીનગરમાં નવા રાજકીય સૂર્યનો ઉદય

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગાંધીનગર સંસદીય મતવિસ્તારના ઉમેવદવાર તરીકે જબરદસ્ત શક્તિપ્રદર્શન સાથે નામાંકન રજૂ કર્યું ત્યારે એક વાત નક્કી હતી કે વર્ષોથી કોંગ્રેસ વિરોધી રહેલી આ બેઠક પર તેઓ ઓછામાં ઓછો સમય ફાળવશે તો પણ એમનો વિજય નિશ્ચિત છે અને તે પણ અગાઉના આ બેઠક પરથી વિજયી બનેલા અન્ય મહારથીઓ કરતાં વધુ મોટો માર્જિન સાથે. અમિત શાહ મૂળ વતની તો માણસાના છે પરંતુ એમનું કાર્યક્ષેત્ર શરુથી જ અમદાવાદનો પોશ વિસ્તાર રહેલ છે. કાર્યકર તરીકે પોસ્ટરો અને પાર્ટીના ઝંડા લઈને ફરનારા અમિત શાહની રાજકીય કારકિર્દી ઘણી રોમાંચક રહી છે. તેઓ મોદી શાસનકાળ દરમિયાન રાજયકક્ષાના ગૃહમંત્રી રહ્યા ત્યારે શંકાસ્પદ ત્રાસવાદીઓનાં એન્કાઉન્ટર થયાં હતાં. અને સોહરાબુદ્દીન કેસ મામલે એમને લાંબા સમય સુધી તડીપાર કરવામાં આવેલા. પરંતુ એ ‘દેશવટો’ કાલાન્તરે એમને ફળ્યો અને કદી કલ્પ્યું પણ ન હોય એવડું ઊંચું પાર્ટી અધ્યક્ષનું પદ એમને સિનિયર નેતાઓની નારાજગી વહોરીને પણ અપાવ્યું ત્યારે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જંપ વળ્યો. મોદી શાહની જોડીએ રાષ્ટ્રીય સ્તરે ભાજપને અણધારી ઊંચાઈએ પહોંચાડી દીધો. વિશ્વની સૌથી વધુ સભ્યસંખ્યા ધરાવતી રાજકીય પક્ષ તરીકેનો ભાજપને પ્રસ્થાપિત કરવાનું ઐતિહાસિક શ્રેય આ બેલડીને જાય છે. અમિત શાહ ક્રિકેટ જગત અને સહકારી પ્રવૃત્તિના સરતાજ તરીકે જાણીતા થયા હતા. પરંતુ રાષ્ટ્રીય પ્રમુખ બન્યા પછી એમનો રોલ બદલાઈ ગયો અને દેશના સૌથી વરિષ્ઠ નેતાગણમાં એ આગલી હરોળમાં આરૂઢ થઈ ગયા. અમિત શાહે અત્યંત પ્રામાણિકપણે કબૂલ કર્યું છે કે તેઓની કારકિર્દીમાંથી ભારતીય જનતા પાર્ટીને બાદ કરવામાં આવે તો શૂન્ય જ બચે. આ એક સંનિષ્ઠ કાર્યકરનું નિવેદન છે. રાજયસભાના સદસ્ય એવા અમિત શાહ હવે પાર્ટીના સર્વોચ્ચ નેતા લાલકૃષ્ણ અડવાણીની બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે. ત્યારે સ્વાભાવિક રીતે એમને જે બેઠક પરથી શંકરસિંહ વાઘેલા, અટલ બિહારી વાજપેયી અને અડવાણી ચૂંટાયેલા એનું પ્રતિનિધિત્વ કરવા માટે પોતાને તક મળી એની જવાબદારી અને ગરિમા તેઓ અનુભવે. આથી પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને પૂર્વ અધ્યક્ષો રાજનાથસિંહ અને નીતિન ગડકરી ઉપરાંત કેન્દ્રીય મંત્રી અરુણ જેટલી તથા સહયોગી પાર્ટીઓના ઉદ્ધવ ઠાકરે, પ્રકાસસિંહ બાદલ અને રામવિલાસ પાસવાન જેવા અગ્રણીઓની હાજરીમાં અમિત શાહે પાટનગર ગાંધીનગરની બેઠક પર નામાંકન ભર્યું છે. અમિત શાહ હવે ગુજરાતના રાષ્ટ્રીય નેતા છે અને કાળક્રમે નરેન્દ્ર મોદી પછી સૌથી વધુ તાકાત ધરાવતા નેતા તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકયા છે. ‘ચાણક્ય’ તરીકે ઓળખાતા આ નેતાની આણ હવે પાર્ટી ઉપરાંત સહયોગી પક્ષોના અગ્રણીઓ પણ સ્વીકારે છે. અડવાણી કરતાં સ્વાભાવિક રીતે જ અમિત શાહ ગાંધીનગર મત વિસ્તારના ભાજપના કાર્યકરોને અને મતદાતાઓને વધુ સ્વીકાર્ય પ્રતિનિધિ બની શકે એમ છે. આપણે એમનો અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવીએ.

# રાજકીય પક્ષોએ મેળવેલ ભંડોળનો હિસાબ આપવો જોઈએ કે નહિ?



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ભારતીય લોકશાહિ મજબુત છે પરંતુ પારદર્શીય નથી. ભારતમાં ચૂંટણી પંચે સતત સુધારાઓ કરી તેને પારદર્શક બનાવવાનું કામ કરેલ છે પરંતુ રાજકીય પક્ષોને મળતા ભંડોળનો પ્રશ્ન હંમેશ ચર્ચામાં રહ્યો છે. ભારતના કોઈપણ રાજકીય પક્ષને ૨૦,૦૦૦ દાન આપનારે તેનું નામ, સરનામું, પાન કાર્ડની વિગતો આપવી ફરજીયાત છે પરંતુ ઘણા બધા રાજકીય પક્ષો આ વિગતો જાહેર કરવામાંથી બચવા દાન ૨૦,૦૦૦ કરતા ઓછું મેળવી આવી વિગતો તથા આપનારની ગોપનીયતા જાળવી રાખે છે.

ભારતીય લોક તંત્ર એ સેવા અને ત્યાગના પાયા ઉપર રચાયું હતું પરંતુ જનપ્રતિનિધિઓ ભોગની રાજનીતી રચી પ્રજાને ઉલ્લુ બનાવે છે જે આધુનિક ટેકનોલોજી યુગમાં શકય નથી. રાજકીય પક્ષો પોતાને મેળવેલ દાન ભંડોળની રકમ તો જાહેર કરે છે પરંતુ કોની પાસેથી કેટલી રકમ મળી તે જાહેર કરતા અચકાય છે.

વાસ્તવીકતા એ છે કે સરકાર બનાવવા દરેક પક્ષોને ભંડોળની જરૂર પડે છે અને આ હક્કિત ભારતીય મતદાતા સ્વીકારતા અચકાય છે. પરિણામે દરેક પક્ષોને પોતાની ઈમેજ જનતા સમક્ષ સ્વચ્છ રાખવી પડે છે પરંતુ હક્કિતમાં દેખાડવાના અલગ અને ચાવવાના અલગ હોય છે.

આજકાલ પ્રચાર પ્રસાર, બોનર્સ વિગેરેમાં ઉમેદવાર તથા પક્ષોને ખુબ મોટો જાહેરાત ખર્ચ થાય છે. વિપુલ પ્રમાણમાં નાણાની હેરફેર થાય છે જેના ઉપર ચૂંટણી પંચ રોક લગાવી ચૂંટણી સમયે ૫૦,૦૦૦ થી વધારે રકમ કોઈ પણ વ્યક્તિ હેરફેર કરતા પકડાય તો વિગતો તથા કારણો પુરાવા સહ આપવા પડે છે. મોટી રકમ પકડાતા યોગ્ય ખુલાસા કે પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જતા આવી રકમ જપ્ત કરવામાં આવે છે અને પકડાયેલ વ્યક્તિ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ દરેક રાજકીય પક્ષો ચૂંટણી પંચના નિયમો અને આદેશોનું પાલન કરતા નથી.

૨૦૧૭ માં સરકારે ઈલેકટોટલ બોન્ડ બહાર પાડેલ છે પરંતુ આ સુધારા માત્ર કાગના વાઘ જ પુરવાર થયા છે. દરેક રાજકીય પક્ષોએ તેમનો હિસાબ કિતાબ રજુ કરી આવકવેરા રીર્ટન ભરવું ફરજીયાત છે પરંતુ મોટાભાગના રાજકીય પક્ષો આ આદેશનું પાલન કરતા નથી ભારતમાં મોંઘવારી અને રાજકીય પક્ષોની આવક દેખાતી નથી પરંતુ તે દર વર્ષે કુદકે ને ભુસકે વધતી જાય છે.

ગત વર્ષે દેશમાં નોટ બંધી જાહેર થતા કેશ લેસ પ્રથા અમલમાં મુકાતા ચૂંટણીમાં સુધારા તરીકે ઈલેકટોટલ બોન્ડ સરકારે બહાર પાડી દાન, ભેટ, ભંડોળ રાજકીય પક્ષોને સ્વીકારવા સવલત કરી આપી. આજ અરસામાં અદાલતને પણ આનુષંગીક કાયદાઓમાં સુધારા કર્યા પરંતુ તેને ઉપલી અદાલતોમાં પડકારવામાં આવ્યા આ કેસમાં ચૂંટણી પંચને સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે સરકારે આવક વેરા ધારામાં કરેલા સુધારાને પગલે આ ગુપ્ત દાન કરવું શકય છે. રાજકીય પક્ષોને ૨૦,૦૦૦ નું દાન કરતા ઓછી રકમનું મળેલ હોવાનું જણાવી વિગતો આપેલ નહિ કંપની ધારામાં જે સુધારો કરવામાં આવ્યો છે તેને કારણે માત્ર રાજકીય પક્ષને દાન કરવાના હેતુસર જ શેલ કંપનીઓ સ્થાપવાની શરૂઆત થઈ ગઈ છે જો આ શકય બને તો પાછલા દરવાજે વિરાટ કંપનીઓ શેલ કંપનીઓ દ્વારા રાજકીય પક્ષોને રાજી કરી શકશે અને લોક તંત્રને હાઈજેક કરી જાય તે શકયતા રહેલી છે આ મામલો હજુ સર્વોચ્ચ અદાલતમાં પેન્ડીંગ છે જેથી વધુ સુનવણી એપ્રીલના પ્રથમ માસમાં કરવામાં આવતા ૨૦૧૯ લોકસભા પહેલા તેનો ચુકાદો આવવાની સંભાવનાઓ રહેતી હોય જેની અસર આવનાર લોકસભાની ચૂંટણીમાં ચોક્કસ પડી શકે છે.

ચૂંટણી પંચ એ કોઈ પક્ષકાર નથી પરંતુ બંધારણીય સંસ્થા તરીકે પોતાની વાત સર્વોચ્ચ અદાલતમાં રજુ કરી છે જે કોઈ પક્ષની તરફેણ કે વિરૂધ્ધમાં નથી. હવે, પાયાનો પ્રશ્ન એ ઉપસ્થિત થયો છે કે રાજકીય પક્ષોને આપેલ દાનની ભંડોળની વિગતો નો હિસાબ આપવો જોઈએ કે નહિ. ઈલકટોટલ બોન્ડ દ્વારા જે રીતે એક જ પક્ષને મોટાપાયા ઉપર દાન મળ્યું છે જે વિવાદનું કારણ છે અન્ય પક્ષો તેનાથી નારાજ છે દરેક રાજકીય પક્ષો મતદાતાને કાળા નાણાથી દૂર રહેવા સલાહ સૂચનો આપે છે પોતે સરકારમાં આવશે તો કાળા નાણાને દૂર કરશે પરંતુ પોતાને મળતા ભંડોળનો હિસાબ આપવાનો થાય છે ત્યારે દરેક રાજકીય પક્ષોને પેટમાં તેલ રેડાય છે અને આ મામલે એક સંપ થઈ સર્વોચ્ચ અદાલતમાં લડાઈ લડે છે દરેકનો સુર એક થઈ જાય છે ઉદ્યોગ પતિઓ ફંડ મારફત કાળાનાણા વિદેશમાં ઢસડી જતા અચકાતા નથી આવા નાણા દેશની સંપતિ છે જેને પાછા લાવીને જ જપીશું તેવું વચન આપનારા પોતે જ ખોટી આવકો દર્શાવતા પાછી પાની કરતા નથી.

ભારતમાં ચૂંટણી ફંડમાં કયારેય પારદર્શકતા હતી નહી કે રહેશે નહી. જેનો ભોગ આમ જનતાએ ભોગવવો પડશે. અમર્યાદા, બેનામી ભંડોળના કારણે બકરૂ કાઢતા ઉંટ પેસશે તે નક્કિ છે દરેક પક્ષો પોતાને મળેલ ભંડોળનો યોગ્ય હિસાબ આપી લોકતંત્રમાં પારદર્શકતા બતાવી જનતાને વિશ્વાસ અપાવવો જોઈએ.

# હજી પણ પાતળા કપડાથી સુરજ ને એ હંફાવે છે, મારી ‘મા’ પાલવ એટલો દમદાર રાખે છે...



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

**મા,**
**મારી વ્હાલી મા,**
**નીંદર આવે રોજ મજાની, એ હાલરડું ગા.**
**રોજ રોજની આવનજાવન, રોજની દોડા દોડી,**
**રોજ અજાણી પળની વચ્ચે રોજની માથાફોડી,**
**અણજાણી આફત સામે થૈ વ્હાલ વીંઝણું જા,**
**અરે મા, તારી યાદોનાં પાલવ ખોળે હું ઝુલું,**
**તારી મલમલ મમતાની મ્હોલાત્યુમાં હું ફુલું,**
**મારી સઘળી ચિંતા પીડાનું દાતરડું થા**

**- પીયૂષ ભટ્ટ**

સાધારણ રીતે આપણને આત્મકથા મોટા માણસોની જ વાંચવી ગમે છે. પરંતુ ધરમપુર જેવા એક નાના ગામના શિક્ષકની આત્મકથા આપણને વાંચવી ગમે ?

‘બાનો ભીખો’ (લે. ચંદ્રકાન્ત પંડ્યા) એ એવા જ એક શિક્ષકની વાત છે. એના જીવનમાં કોઈ મોટી ઊથલપાથલ નથી. અને છતાં એ કથા વાંચવી ગમે છે, કારણ એ મારા અને તમારા જેવા સામાન્ય માણસની વાત છે. ભીખું મોટો ‘સ્કોલર’ નથી, બલકે ઠોઠ છે. પૈસાની ઝાકમઝાળ નથી, એનાં કપડાં અને એના ઘરની ભીંતો દરિદ્રતાની ચાડી ખાય છે. એટલે જ આ ભીખુની વાત આપણી આંખને ભીની કરે છે. પણ આ વાત એકલા ભીખુની હોત તો કદાચ એ ઊણી લાગત. એની કથાની પશ્ચાદ્ એની બાનો ચહેરો સતત તરવર્યા કરે છે. એની છબી, એનું જીવન, એનું સમર્પણ હૃદયને ભીનું કરે છે, પવિત્ર કરે છે. આ ભીનુની મા કોઈની પણ મા હોઈ શકે.

આ મા હિન્દુસ્તાનના ઘરે ઘરે છે, ગામડે ગામડે છે. દરિદ્રતા એને કપાળે લખાયેલો શાપ છે. અને છતાં એ એના ઘરની સેવા કરે છે, પુત્રોને જીવનના પ્રવાહમાં તરતા મૂકે છે. એ સતત પ્રેમની ગંગા વહાવ્યે જાય છે - બધાને પાવન કરે છે, કોઈ ફરિયાદ નથી કરતી, કોઈ અપેક્ષા નથી રાખતી. એટલે માત્ર વહાલી જ નથી લાગતી; પુણ્યશ્લોક, પ્રાતઃસ્મરણીય પણ લાગે છે. એટલે જ પ્રાર્થનામાં પહેલા યાદ કરીએ છીએ ‘ત્વમેય માતા....’ કોઈએ કહ્યું નહોતું કે, પ્રભુને જયારે પૃથ્વી પર આવવાનું મન થાય છે ત્યારે માતાનું રૂપ ધરીને આવે છે ?

આ ભીખુની બાની વાત એ સતત ચાલ્યા આવતા દુર્ભાગ્યની યાત્રા છે. એ કથાનો પ્રારંભ થાય છે પતિના અકાળ મૃત્યુથી. પછી પાછળ મૂકી જાય છે કારમી દરિદ્રતા અને નાનાં સંતાનો. એને તો મરી જવું હતું. પણ બે નાના દીકરા ને એક નાની દીકરીને હજી ઉછેરવાનાં હતા. કાળી મજૂરી કરી ધગધગતા રણમાં ઉઘાડા પગે અને મૂંડન કરાવેલ માથે જિંદગીના બોજા એને હજી ઊંચકવાના હતા. એટલે એ જીવી ગઈ.

એણે કરકસર કરી છે. નાની નાની બાબતોમાં પૈસા બચાવી એણે દાબડામાં ભેગા કર્યા છે. છતાં દુર્ભાગ્ય જુઓ : આ બચત, આ કરકસર એને કયારેક કામ લાગી ? પતિનું બારમું કરવામાં !

ભીખુની બાની દિનચર્યા વાંચતાં એક વીતી ગયેલો જમાનો આંખ આગળ ફરી ઊભો થાય છે. સવારના પાંચથી ગાય-ભેંસની માવજત સાથે ઊગતો દિવસ રાત્રે ચીંતરેલ ગોદડીમાં ઈશ્વરસ્મરણ સાથે પૂરો થાય છે. તે ગાળામાં કેટકેટલાં કાર્યો વચ્ચે એ ફરી વળે છે ! દેવપૂજા, પશુઓની સારસંભાળ, બાળકોની દેખભાળ-નિશાળ... ચૂલો ફૂંકતી, સગાસંબંધીઓને સાવવતી, અનેક નાનાંમોટાં કામોમાં જાતને નિચોવતી જતી મા સૌથી છેલ્લે સૂઈ જાય. એને રજાઓ નથી, ને રવિવારે તો વધારે કામ ! પણ એ બધું તો રોજની સ્વાભાવિક સાધના છે એટલે ભૂલાઈ જાય છે.

દીકરાને એ વહાલથી મોટો કરો છે, પારકાનાં કામ કરી ભણાવે છે. છતાં કયારેક એ તૂટી પણ પડે છે. એક વખત ભીખુએ કામ નથી કર્યું, ભેંસે દૂધ નથી આપ્યું, ઘરાકો પાછા ફરે છે. બા અકળાઈ ગઈ છે. ભીખુને લાકડીએ લાકડીએ ઝાપટે છે. બોલી પણ ઊઠે છે, ‘મૂઓ, મરે તો એક સંતાપ ઓછો !’ આ બોલતાં તો બોલાઈ જાય છે, પણ એને તરત ફિટ આવી જાય છે. અને માનું હૃદય જુઓ. કળ વળતાં એ પહેલો પ્રશ્ન પૂછે છે : ‘ભીખએ ખાધું ?’ જે માને આટલો ભાવ હશે દીકરા માટે, તેને પુત્રને ફટકારતાં કેટલું દુઃખ થયું હશે? પુત્રને વાંસે પડેલા સોળ આ પ્રશ્નથી રૂઝાઈ નહીં ગયા હોય ? પણ આ અનુભવ ભીખુનો એકલાનો જ થોડો છે ? તમારો અને મારો પણ નથી શું ? શૈશવમાં કેટલીય વાર ધમકાવી ને પછી માએ જ વહાલથી મોંમાં કોળિયો મૂકી આપણાં આંસુ લૂછ્યાં નહોતાં શું ?

મેટ્રિક સુધી દીકરાને લાવી તો ખરી, પણ ફોર્મ ભરવાના પચ્ચીસ રૂપિયા પાસે નથી. આ મામૂલી રમક માટે બે બંગડી ગીરવે મૂકવી પડે છે. ત્યારે લેખક કહે છે : ‘પતિ મર્યા પછી એ દિવસે સાચેસાચ વિધવા બની એવું તેને લાગેલું.’ અને છતાં વિધિની વિચિત્રતા જુઓ : ફોર્મને માટે દાગીના ગીરવે મૂક્યા, પણ પનોતો પુત્ર એ પરીક્ષામાં પાસ જ ન થયો !

પણ આ તો ગરીબાઈ સામેનું એનું રોજનું યુદ્ધ હતું. કદાચ એ કોઠે પણ પડી જાય. છતાં આનાથી વધુ ક્રૂર ઘા નિયતિ માને ત્યારે આપે છે જયારે એની દીકરી પંદર દિવસની નવજાત બાળકી અને બે નાના દીકરા મૂકી કૂવે પડી આપઘાત કરે છે. દીકરી પાસેથી એનાં દુઃખ જાણવાનો એને અવસર પણ ન મળ્યો ! માત્ર મૃત્યુના સમાચાર આપતો કાળો પત્ર ! મા ત્યારે આટલું જ બોલે છે : ‘અરે ભૂંડી ! મને જરા કહ્યું હોત તો જનમભર મારે ઘેર પાલવત !’ માનું ખોરડું દરિદ્રતાની ચાડી ખાતું હોય તો પણ એ ખૂબ વિશાળ હોય છે. એમાં અનેક લોકોને એ સમાવી શકે છે.

મીરોસ્લાફ હોલુબના કાવ્યમાં કેવું વેધક ચિત્ર છે.

**જે રાહ જુએ છે તે હંમેશાં મા હોય છે.**
**નાની થતી, નાની થતી,**
**ઝાંખી થતી, ઝાંખી થતી,**
**સેકંડે સેકંડે,**
**ત્યાં સુધી કે અંતે**
**ન કોઈ જ એને જુએ.**

આ ભીખુની બાનું ચિત્ર છે આજથી ત્રણચાર દાયકા પહેલાનું. પણ આવી પ્રેમથી ધબકતી માને શોધવા આવતી કાલે દીવો લઈને તો નીકળવું નહીં પડે ને, એવો વહેલ થાય છે.

**- વિપિન પરીખ**

**Last Seen :**

**હજી પણ પાતળા કપડાથી**
**સુરજ ને એ હંફાવે છે.**
**મારી ‘મા’ પાલવ એટલો**
**દમદાર રાખે છે..**

nehalgadhavi101@gmail.com

# પાકિસ્તાની દલિત-હિંદુ તરુણીઓનાં અપહરણ અને વટાળવૃત્તિની ઝુંબેશ



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

એક બાજુ, પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં માત્ર એક જ મહિનામાં સાત હિંદુ તરુણીઓનાં અપહરણ અને તેમને ઈસ્લામ કબૂલ કરાવીને બળજબરીપૂર્વક નિકાહ પઢાવવાના બનાવો નોંધાયા છે. બીજી બાજુ, ફેડરલ સરકાર અને સિંધની પ્રાંતિક સરકાર હિંદુઓની કનડગતના આવા બનાવો સામે કડક પગલાં લેવાની જાહેરાતો કરે છે. પંજાબના એક મંત્રીને તો હિંદુઓ વિરુદ્ધની ટિપ્પણ કરવા માટે કેબિનેટમાંથી પડતા મૂકાયા અને હજુ વીતેલાં વર્ષોમાં હિંદુઓના તહેવારોમાં પાકિસ્તાનના સર્વપક્ષી નેતાઓ શિરકત કરતા રહ્યા હોવા છતાં કથની અને કરનીમાં અંતર જોવા મળે છે. એક અંદાજ મુજબ, પાકિસ્તાનમાં દર વર્ષે ૧,૦૦૦ હિંદુ તરુણીઓનાં અપહરણ થાય છે અને કેટલાક કિસ્સામાં તો પોલીસ ફરિયાદ નોંધવાનો પણ ઈનકાર કરવામાં આવે છે. જે હિંદુ તરુણીઓનાં અપહરણ કરીને ઈસ્લામ કબૂલ કરાવી નિકાહ પઢાવવાની પ્રવૃત્તિ પૂરજોશમાં ચલાવાઈ રહી છે તેમાંની મોટાભાગની કન્યાઓ દલિત વર્ગની હોય છે.પાકિસ્તાનમાં સવર્ણ હિંદુ અને દલિત હિંદુ વચ્ચે સ્પષ્ટ ભેદ છે. મહદઅંશે રાજકારણ અને સમાજકારણ પર સવર્ણોની બોલબાલા છે. અનુસૂચિત જાતિ તરીકે વર્ગીકૃત અને પછાત ગણાતી કોમોની કન્યાઓનાં અપહરણ અને નિકાહ કરવાની ઘટનાઓ વધુ બને છે. ઈસ્લામાબાદમાં ઈમરાન ખાનની તેહરિક-ઈ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીની ફેડરલ સરકાર છે અને કરાંચીમાં એટલે કે સિંધમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ની સરકાર છે. સવર્ણ અને દલિત એવાં હિંદુઓની ૯૦ ટકાથી વધુ વસ્તી સિંધમાં વસે છે. અપહરણ, બળાત્કાર અને બળજબરીથી ઈસ્લામ કબૂલ કરાવીને નિકાહ પઢાવવાનાં પ્રકરણ પણ સિંધમાં વધુ બને છે. સંયોગ તો જુઓ કે ભારત અને પાકિસ્તાન બંનેના પ્રથમ કાયદા પ્રધાન દલિત હતાઃ દિલ્હીમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર અને કરાંચી (પાકની પ્રથમ રાજધાની)માં જોગેન્દ્ર નાથ મંડળ હતા. જોકે ૧૯૫૬માં ફેડરલ સરકારમાંથી રાજીનામું આપીને મંડળ ભારત પરત આવી ગયા હતા અને ૧૯૬૮માં ‘‘ભારતના ગદ્દાર’’ના મહેણા સાથે ગુમનામીમાં મૃત્યુને ભેટ્યા હતા.

દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે વિવાદ

હમણાં પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં બે હિંદુ તરુણીઓના અપહરણ અને તેમને ઈસ્લામ અંગીકાર કરાવીને મુસ્લિમ યુવકો સાથે નિકાહ પઢાવવાની ઘટના દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે વિવાદનું નિમિત્ત બની છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે પાકિસ્તાનમાંના ભારતીય દૂતાવાસ કનેથી આ સંદર્ભે અહેવાલ માંગ્યો ત્યાં લગી તો બરાબર હતું, પણ એમણે આ વાતને ટ્વીટર પર જગજાહેર કરી એટલે વાત વણસી. પાકિસ્તાની મંત્રી ફવ્હાદ ચૌધરીએ સુષ્માના વલણને તેમના દેશની આંતરિક બાબતોમાં દખલ ગણાવી એટલું જ નહીં, પાકિસ્તાન એ કંઈ નરેન્દ્ર મોદીનું ભારત નહીં હોવા સુધી વાતનું વતેસર થયું. જ્યાં સુધી સુષ્મા સ્વરાજ પાકિસ્તાનના નાગરિકોને સ્વાસ્થ્ય સેવા માટેની એમની અરજમાં મદદરૂપ થવા કે અન્ય વિનંતીઓ બાબત ટ્વીટર પર સંવાદ કરે ત્યાં સુધી તો ઠીક હતું, પણ આવી સંવેદનશીલ બાબતમાં એમના દેશની આંતરિક બાબતોમાં દખલગીરી જેવા મુદ્દા ઊઠે ત્યારે ટ્વીટ કરવાથી તેમણે અળગા રહેવાની જરૂર હતી. ક્યાંક લક્ષ્મણરેખા લંઘાય ત્યારે બંને પક્ષે વિવેક ચૂકાય એવું બને. એટલે જ હજુ હમણાં જ પ્રયાગરાજના અર્ધકુંભમાં સ્નાન કરવા આવેલા પાકિસ્તાની સત્તાપક્ષના સાંસદ ડૉ.રમેશ કુમાર વાંકવાણીએ પણ નિવેદન કર્યું કે ભારતીય વિદેશમંત્રી અમારી (પાકની) આંતરિક બાબતોમાં દખલ ના કરે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતનાં પ્રધાનોને તંગદિલી હળવી કરવાના મિશન સાથે એ મળ્યા હતા. ડૉ.વાંકવાણી પાકિસ્તાન હિંદુ કાઉન્સિલના સંસ્થાપક અને મુખ્ય સંરક્ષક છે. હજુ ગયા વર્ષ સુધી મિયાં નવાઝ શરીફના સત્તાપક્ષ પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ)ના સાંસદ રહેલા રમેશ કુમારે વડાપ્રધાન ઈમરાન ખાનના પક્ષ તેહરિક-ઈ-ઈન્સાફમાં જોડાવાનું પસંદ કર્યું છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન સરકાર બળજબરીથી કરાવાતાં ધર્મપરિવર્તન કાયમ માટે રોકવાનો કાયદો કરવા જઈ રહી છે.

- **ભારત અને પાકના પ્રથમ કાયદા પ્રધાન ડૉ. આંબેડકર અને જે.એન. મંડળ બંને ય દલિત હતા**
- **કુંભસ્નાન માટે આવેલા પીટીઆઇના સાંસદ ડૉ.વાંકવાણી વડાપ્રધાન મોદી સહિતનાને મળ્યા હતા**
- **ઇસ્લામી દેશના ત્રસ્ત હિંદુઓ ધર્મયાત્રાના નામે ભારત આવી નાગરિકતા મેળવવાની કોશિશ કરે છે**
- **ભારતમાં “લવ જેહાદ”ની ગાજવીજ વચ્ચે ભાજપ-આરએસએસના નેતાઓનાં સંતાનોના ય નિકાહ**

કૃપાલાનીના બે ભાઈએ ઈસ્લામ કબૂલેલો

પાકિસ્તાનમાં હિંદુઓનું ધર્મપરિવર્તન અને અપહરણ એ કાયમી સમસ્યા છે. કોંગ્રેસના અધ્યક્ષ રહેલા આચાર્ય કૃપાલાનીએ તો તેમની આત્મકથામાં નોંધેલું છે કે તેમના બે ભાઈએ ઈસ્લામ કબૂલ્યો હતો. બ્રિટિશ ઈન્ડિયાના ભાગલાને પગલે પશ્ચિમ પાકિસ્તાન અને પૂર્વ પાકિસ્તાન (અત્યારનું બાંગલાદેશ)માં હિંદુઓ અત્યાચારનો ભોગ બનતા રહ્યા છે. આને કારણે હવેના પાકિસ્તાનમાંથી દર વર્ષે ૫,૦૦૦ જેટલાં હિંદુ પોતાનો દેશ છોડી જતાં હોવાનું સ્વયં ડૉ. વાંકવાણીએ સંસદમાં કહ્યું હતું. એ સંદર્ભે પાકિસ્તાની અખબારોમાં તેમણે લેખો પણ લખ્યા છે. ત્રસ્ત પાકિસ્તાની હિંદુઓ ધર્મયાત્રાના નામે મહદઅંશે ભારત આવી રહી પડે છે, પણ ભારતમાં પણ વર્ષો સુધી તેમને નાગરિકતા મળતી નથી. થોડા વખત પહેલાં કેન્દ્રના ગૃહ રાજ્ય મંત્રી કિરણ રિજીજુએ પાકિસ્તાની ગાયક અદનાન સામીને નાગરિકતા આપી ત્યારે અમદાવાદ સહિત ભારતના વિવિધ વિસ્તારોમાં વર્ષોથી વસતા અને પાકિસ્તાનથી ભાગી આવેલા હિંદુઓના સંગઠને વડાપ્રધાન મોદીને રજૂઆત કરી હતી કે અમે હિંદુઓ પાકિસ્તાનમાં અત્યાચારનો ભોગ બનતાં ભારત ભાગી આવ્યાને વર્ષો થયાં છતાં નાગરિકતાથી વંચિત છીએ અને તમે એક પાકિસ્તાની મુસ્લિમને નાગરિકતા આપો છો; એ સામે વિરોધ નોંધાવીએ છીએ.

ભારતમાં હિંદુ-મુસ્લિમ લગ્નો

ભારતમાં પણ ‘‘લવ જેહાદ’’ના મુદ્દે ધર્મપરિવર્તન કરાવાઈ રહ્યાનો મામલો ગૂંજે છે. કેરળની પુખ્ત વયની યુવતી અને તબીબી શાખાની વિદ્યાર્થીની હાદીયાનું પ્રકરણ સુપ્રીમ કોર્ટ સુધી ગયું. ઈસ્લામ કબૂલ કરીને શફી જહાં સાથેના તેના લગ્નને ૮ માર્ચ ૨૦૧૮ના રોજ સુપ્રીમના મુખ્ય ન્યાયમૂર્તિ દીપક મિશ્રા અને ન્યાયમૂર્તિઓ અજય ખાનવિલકર તથા ધનંજય ચંદ્રચુડે માન્ય રાખ્યું હતું. હમણાં જ સત્તારૂઢ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી (સંગઠન) અને આરએસએસના પ્રચારક રામલાલનાં ભત્રીજી શ્રેયા ગુપ્તાનાં એક મુસ્લિમ યુવક ફૈઝાન કરીમ સાથે લગ્ન નિમિત્તે યોજાયેલા રિશેપ્શનમાં રાજયપાલ રામ નાઈક, કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી, નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય સહિતના મહાનુભાવો ઉમટ્યા હતા. પ્રાચીન મૌર્ય સામ્રાજ્યના રાજવી ચંદ્રગુપ્ત મૌર્યનાં ગ્રીક રાજકુમારી હેલેના સાથેનાં લગ્ન અને મુઘલ બાદશાહ અકબરનાં રાજપુતાનાના રાજપૂત રાજાની રાજકુમારી જોધાબાઈ સાથેનાં લગ્ન કે ધ્રાંગધ્રાના પાટવીકુંવર સોધસાલજી શત્રુજિતદેવનાં પાલનપુરના નવાબના પરિવારનાં શાહજાદી શાહનૂર બેગમ સાથેના લગ્નથી લઈને અત્યાર લગી વિવિધ ધર્મોના પરિવારો લગ્નસંબંધે જોડતા રહ્યા છે. જનસંઘ અને ભાજપના સાંસદ રહેલા ડૉ.સુબ્રમણિયન સ્વામીનાં પત્રકાર-પુત્રી સુહાસિની હૈદરનાં લગ્ન દેશના વિદેશ સચિવ અને વિદેશ મંત્રી રહેલા સલમાન હૈદરના શાહજાદા નદીમ હૈદર સાથે થયેલાં છે. સ્વયં કેન્દ્રના ભાજપી મંત્રી નકવી કૉલેજમાં હિંદુ કન્યા સીમા સાથે પ્રેમ થતાં બંનેએ પહેલાં કોર્ટ મેરેજ કર્યાં, પછી ઈસ્લામી રિવાજથી નિકાહ પઢ્યાં

અનુસંધાન પાના નં ૭ પર